જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૨/૦૬/૨૦૨૬ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૭૬૭/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૦ કેસ કરી, ૨૯ વ્યક્તિઓને ઝડપી, ૧૧૬ લીટર દેશી દારૂ, ૦૧ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૧૧ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૦૩ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૦૫ કેસ કરી, ૦૭ વ્યક્તિઓને ઝડપી રોકડ ઝડપી રોકડ રૂપિયા ૧૪,૧૧૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૭૬૮/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૮૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૭૬૯/૨૦૨૬**

ક્રાઇમ બ્રાંચઃ મંથન નિમેશકુમાર પટેલ (ઉ.વ.૩૨)(રહે, હરગોવન પટેલ પાર્ક સોસાયટી, સ્વામિનારાયણ મ્યુઝિયમ રોડ, નારણપુરા) એ તા.૦૧/૦૬/૨૦૨૬ ના રોજ ક્રાઇમ બ્રાંચ ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૭/૦૧/૨૦૨૪ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન નારણપુરા એ.ઈ.સી. ક્રોસ રોડ, સ્વામિનારાયણ એવન્યુ ખાતે આરોપી (૧) મનીષ ડી. વર્મા (SWADH'S IMPORT AND EXPORT PVT LTD ના ડાયરેક્ટર) (૨) સંદિપસિહ બહાદુર (SWADH'S IMPORT AND EXPORT PVT LTD ના મેનેજર) (૩) મંજુરઅલી મોહમંદભાઇ ચુડીયા (Styrun Health Care ના ડાયરેકટર) અને (૪)આબીદઅલી ચુડીયા (Styrun Health Care ના ડાયરેકટર) નાઓએ ભેગામળી મંથન પટેલની કંપનીમાંથી એમ.ટી. કેપ્સુલનો માલ મંગાવી, માલના બાકી નિકળતા રૂપિયા ૮૩,૭૭,૧૯૬/– તથા લેટ પેમેન્ટનો ચાર્જ રૂપિયા ૧૯,૯૪,૬૯૬/– તથા બીજી ફર્મ Styrun Health Care ના બાકી નિકળતા રૂપિયા ૩૦,૩૮,૯૨૮/– તથા લેટ પેમેન્ટનો ચાર્જ રૂપિયા ૮,૨૯,૮૯૮/– મળી કુલ રૂપિયા ૧,૪૨,૪૦,૭૧૮/– તેમજ સાહેદ ગીરીશભાઇ શાહ નાઓની SHAH PAPER PACK કંપનીમાંથી તા.૨૦/૦૫/૨૦૨૪ થી તા.૧૯/૦૯/૨૦૨૪ સુધીમાં કોરૂકેડેટ બોક્ષ તથા મોનો કાર્ટન માલના બાકી નિકળતા રૂપિયા ૧,૩૮,૯૩,૨૧૨/– તથા લેટ પેમેન્ટનો ચાર્જ રૂપિયા ૨૮,૦૦,૦૦૦/– મળી કુલ રૂપિયા ૧,૬૬,૯૩,૨૧૨/– જે તમામ બાકી લેણા મંથલ પટેલ અને ગીરીશભાઇ શાહ બંન્ને કંપનીઓના બાકી લેણા કુલ રૂપિયા ૩,૦૯,૩૩,૯૩૦/– અવાર–નવાર માંગણી કરવા છતા આજદિન સુધી નહી ચુકવી બંને સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એલ.જી.નકુમ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૭૭૦/૨૦૨૬**

સોલા હાઇકોર્ટઃ રમેશભાઈ રાણાબહાદુર બુડા (ઉ.વ.૨૯)(રહે.ટ્રેવો કોફી હોટલ ઓગણજ સર્કલ પાસે, સોલા) એ અગમ્ય કારણસર તા.૩૧/૦૫/૨૦૨૬ કલાક ૨/૦૦ વાગ્યાના સુમારે ટ્રેવો કોફી હોટલના ટોયલેટની અંદર ટોયલેટના દરવાજા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સોલા હાઇકોર્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જયદિપસિંહ સુરાજી ચલાવે છે.

માધવપુરાઃ માધવપુરા શક્તિનગર સોસાયટી ખાતે રહેતા માંગીલાલ પ્રજાપતિ નાઓની ૧૭ વર્ષની પુત્રીએ અગમ્ય કારણસર તા.૦૧/૦૬/૨૦૨૬ સાંજના ૭/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે સિલીંગમા લાગેલ હુક સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે માધવપુરા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી આર.કે.વાણીયા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી